DIVYA BHASKAR, Ahmedabad, 20.4.2023
Page No. 2, Size:(28.75)cms X (11.92)cms.

**Bullet Train Terminal Ready At Sabarmati At 1.36 Lakh Sq.m, Nine Storey Modern Building**

## 332 કરોડના ખર્ચે બનેલું ટર્મિનલ રેલવે, મેટ્રો, બીઆરટીએસને પણ જોડશે, બિલ્ડિંગ પર દાંડીકૂચનું વિશાળ ભીંતચિત્ર મૂકાયું

# સાબરમતી ખાતે 1.36 લાખ ચોમીમાં બુલેટ ટ્રેનનું ટર્મિનલ તૈયાર

ભાસ્કર ન્યુઝ | અમદાવાદ

અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેન માટે સાબરમતી ખાતે હાઈ સ્પીડ રેલ કોરિડોરના ટર્મિનલ સ્ટેશનનું કામ હવે અંતિમ તબક્કામાં છે. 1.36 લાખ ચોરસમીટરમાં બનનારા નવ માળના અતિ આધુનિક ટ્રાન્સપોર્ટ હબને એચએસઆર લાઈનને રેલવે, મેટ્રો સ્ટેશન અને બીઆરટીએસ સાથે જોડાશે. સાબરમતી ખાતે 332 કરોડના ખર્ચે બની રહેલાં ઐતિહાસિક ટર્મિનલ પર બિલ્ડિંગના દક્ષિણ ભાગમાં દાંડી કૂચ ચળવળને દર્શાવતું સ્ટેઈનલેસ સ્ટીલનું બનેલું એક વિશાળ ભીંતચિત્ર મુકાયું છે. બુલેટ ટ્રેન સ્ટેશનની પૂર્વમાં એક મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબ બનશે. તેમાં ત્રણ ફૂટ ઓવરબ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે, જે સાબરમતી બુલેટ ટ્રેન સ્ટેશન, સાબરમતી રેલવે સ્ટેશન, મેટ્રો સ્ટેશન અને બીઆરટીએસ સ્ટેન્ડ સાથે જોડશે. પેસેન્જરોની અવરજવર સરળ કરવા માટે આઠ એસ્કેલેટર તેમજ 11 લિફ્ટ બનાવવામાં આવી છે.

### આ સ્ટેશન આટલા અંતરે

| | |
|---|---|
| બુલેટ ટ્રેન સ્ટેશન | 150 મીટર |
| મેટ્રો | 300 મીટર |
| BRTS | 150 મીટર |
| રાણીપ એસટી સ્ટેન્ડ | 2 કિ.મી |
| RTO સર્કલ | 1.5 કિ.મી |
| એસજી હાઈવે | 7 કિ.મી |
| એરપોર્ટ | 7 કિ.મી |

## નવ માળનું આધુનિક બિલ્ડિંગ | તમામ વાહનો માટે પીકઅપ અને ડ્રોપ બેઝ બનાવાયો, કુલ 1500 વાહનની પાર્કિંગ ક્ષમતા છે




બુલેટ ટ્રેનના હબ બિલ્ડિંગમાં સરળતાથી પહોંચવા માટે ખાનગી કાર, ટેક્સી, બસ, ઓટો, ટુ-વ્હિલર માટે એક સમર્પિત પીકઅપ અને ડ્રોપ બેઝ બનાવવામાં આવ્યો છે. કુલ 1500 વાહન માટે પાર્કિંગની વ્યવસ્થા પણ કરાઈ છે. **ફોટો : ધવલ ભરવાડ**



### 16 લોકોની ક્ષમતાની 11 લિફ્ટ, 8 એસ્કેલેટર

સ્ટેશને 8 એસ્કેલેટર, 11 લિફ્ટ છે. એક લિફ્ટમાં 16 પેસેન્જર આવી શકશે. બ્લોક એમાં નવ માળમાં ઓફિસ સ્પેસ છે, બ્લોક બીમાં સ્વિમિંગ પૂલ, કોન્ફરન્સ રૂમ, બેન્ક્વેટ હોલ તૈયાર કરાશે.

### ત્રીજા માળે વેઇટિંગ એરિયા

મુખ્ય બિલ્ડિંગમાં ત્રીજા માળે પેસેન્જરો માટે કોન્કોર્સ ફ્લોર બનાવવામાં આવ્યો છે. અહીં વેઈટિંગ એરિયા અને રેસ્ટોરાં જેવી સુવિધા ઊભી કરાશે.



### બિલ્ડિંગમાં જવા-આવવા માટે 3 ફૂટ ઓવરબ્રિજ

**ફૂટ ઓવરબ્રિજ 1** | હબ બિલ્ડિંગને સાબરમતી (મીટરગેજ) રેલ્વે સ્ટેશન અને બુલેટ ટ્રેન સ્ટેશન સાથે જોડે છે. મુસાફરોની સરળતા માટે બ્રિજમાં ટ્રાવલેટર્સ ઈન્સ્ટોલ કરવામાં આવશે.

**ફૂટ ઓવરબ્રિજ 2** | એક સ્ટેશનેથી બીજા સ્ટેશને જવા માટે ફૂટ ઓવરબ્રિજનો વિનામૂલ્યે ઉપયોગ કરી શકાશે. તે ત્રણેય પરિવહન મોડને જોડે છે.

**ફૂટ ઓબરબ્રિજ-3** | બુલેટ ટ્રેન સ્ટેશનના કોન્કોર્સને સાબરમતી બ્રોડગેજ રેલ્વે સ્ટેશનના રેલ્વે પ્લેટફોર્મ સાથે જોડે છે. અહીં પણ કોઈ ચાર્જ લેવાશે નહીં.